

# ધૂળ ભર્યું આકાશ ભાળી નાંગરું શું નાવ કિનારે?

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

જન્મભૂમિ ટ્રેનમાં સૂતાં સૂતાં ઓચિંતી હરિવંશરાય બચ્ચનની શાળાકાળ દરમિયાન ભણવામાં આવેલી કવિતા યાદ આવી ગઈ. કવિતા તો હિન્દીના જાણીતા કવિની છે એટલે હિન્દીમાં જ હોય ને! પણ હું ગુજરાતી ભાષાનો લેખક એટલે એની પહેલી પંક્તિનો ગુજરાતીમાં અનુવાદ કરી દીધો અને એ આજના લેખનું શીર્ષક બની ગઈ.

મને સપનાં ગુજરાતીમાં આવે છે એટલે અંગ્રેજીમાં કે હિન્દીમાં લખી શકું એટલી આવડત કેળવ્યા પછી પણ હું ગુજરાતીમાં જ લખતો રહ્યો છું. આખરે એ માતૃભાષા છે.

ભટિંડા સ્થિત પંજાબ કેન્દ્રીય યુનિવર્સિટીમાં હિન્દી પખવાડિયાના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે વ્યાખ્યાન આપવા જઈ રહ્યો છું. બદલાયેલા વૈશ્વિક વાતાવરણમાં હવે ગુજરાતી કે હિન્દી જેવા વિષય લઈ ભણવામાં કોને રસ રહ્યો છે? અંગ્રેજીની બોલબાલા છે અને દુનિયામાં જેનું હોટ માર્કેટ છે એ બધા વિષયો અંગ્રેજીમાં ભણાવવામાં આવે છે. મેડિકલ અને ઈજનેરી વિજ્ઞાન હોય કે કમ્પ્યુટર સાયન્સ હોય: બધું જ ઈંગ્લિશ મિડિયમમાં ભણવું પડતું હોય તો જેને આ ‘આર્થિક ભારવાળું ભણતર’ ધરાર પોસાતું નથી એવા વાલીઓ પણ એમનાં લાડકોડથી ઊછરતાં સંતાનોને પેટે પાટા બાંધીને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં દાખલ કરવામાં શાણપણ સમજે છે.

અને છતાં આપણે હજી માતૃભાષા દિવસ અને હિન્દી દિવસ ઉજવીએ છીએ; હજી મને એ વખતના અગિયારમા ધોરણમાં ભણેલી કવિતા યાદ આવે છે અને એની પહેલી પંક્તિનો ગુજરાતી અનુવાદ કરી દેવાની ધૂન ચડી જાય છે. મોટા બચ્ચન જ મારે મન વધુ અગત્યના માણસ છે, નાના બચ્ચનને ફિલ્મજગતના ‘બિગ બોસ’ કે શતાબ્દીના મહાનાયક જેવી પ્રશસ્તિ સાંપડી હોય તો તે એમને મુબારક. હા, એમની એક સ્વીકારોક્તિ મને જરૂર સ્પર્શી ગઈ હતી. પ્રતાપી પિતાની સરખામણીમાં પોતે ઘણા વામણા હોવાનું એમણે વારંવાર કબૂલ્યું છે.

એમની રચેલી લોકપ્રિય રચનાઓ પોતાના રૂઆબદાર અવાજમાં રજૂ કરીને ધન્યતા અનુભવે છે.

‘મધુશાલા’ મને પણ બહુ જ ગમે છે અને સવિશેષ તો હું એમાં ગાંધીજીને ધરાર ન ગમે એવું લખીને કવિએ ગાંધીના પ્રબળ પ્રભાવકાળમાં ગાંધીના જ આદર્શોને રજૂ કરવાની કમાલ કરામત કરી હતી- એ જોઈને વધુ અભિભૂત થઈ ગયો હતો.

પણ અત્યારે એ કાલજયી કૃતિની વાત નથી કરવી. આ સમયે તો મને એમની ‘માંઝી’ની મૂંઝવણ હૈયે ચડી છે. મૂળ પંક્તિ છે:

*धुलिमय नभ क्या इसीसे बांध दूं मैं नाव तट पर?*

એને આકાશમાં છવાયેલાં વાદળો કે વંટોળ જોઈ આ પ્રશ્ન થાય છે. એ ઘડીક મુનશીના પૃથ્વીવલ્લભની જેમ ખમચાય છે, પણ વળતી જ પળે સ્વસ્થ થઈ જાય છે અને પ્રકૃતિને પડકાર ફેંકે છે:

*आज मैं तमतोम आता देख कर*
*पीछे हटूं यदि*
*काम किस दिन आ सकेगी*
*जो रही जग ज्वाल*
*अंदर?*

કેવી અંતર્નિહિત ઊર્જા ઊછળે છે આ શબ્દોમાં! માછીમાર માટે દરિયો તો એની કર્મભૂમિ. એ જ એનું ‘કુરુક્ષેત્ર’. જો એ અર્જુનની જેમ વિષાદયોગ અનુભવે તો તો એને ભૂખે મરવાનો વારો આવે. એની ભીતર ધરબાયેલી કૃષ્ણચેતના સળવળી ઊઠે છે અને એ પોતાની જાત સાથે વાત કરવા લાગે છે. એને ખબર છે કે માથે જીવનું જોખમ તોળાઈ રહ્યું છે અને છતાં એણે કેટલીક જવાબદારીઓ પણ નિભાવવાની છે. એથી એ પૂરી તાકાતથી નાવ સાથે દરિયામાં યા હોમ કરીને ઝંપલાવ્યા સિવાય છૂટકો નથી. જો પ્રકૃતિના તાંડવ સામે એક વાર ઝૂકી ગયો તો પોતે જ પોતાને મોઢું બતાવવા લાયક નહીં રહે એ નક્કી!

માણસ કોઈ ને કોઈ તબક્કે આ પ્રકારની અંગત મૂંઝવણમાં મુકાઈ જતો હોય છે. પછી જો ઢીલોઢસ થઈ બેસી ગયો તો સમજી લેવું કે ગઈ ભેંસ પાણીમાં!....અદલ આવી જ અમૂઝણ ભટિંડા સ્થિત પંજાબ સેન્ટ્રલ યુનિવર્સિટીના હિન્દી પખવાડિયાના સમાપન સમારોહમાં શ્રોતાવૃંદમાં મને સાંભળી અભિભૂત થઈ ગયેલી એક પીએચ.ડી.ની તેજસ્વી વિદ્યાર્થિનીને થઈ રહી છે. એને કંઈક કહેવું હતું છતાં કહી નહોતી શકતી. એના ચહેરાના હાવભાવ જોઈ પ્રોફેસર સમીર મહાજને પૂછ્યું: તારે કંઈ પૂછવું છે બેટા? કોઈ મૂંઝવણ થતી હોય તો એનો ખુલાસો કરવા તો આપણે મહાનુભાવને તેડાવ્યા છે! છેક ગુજરાતથી પધાર્યા છે, પૂરા વીસ કલાકની ખેપ ખેડીને.

એણે કહ્યું: પૂછવું તો છે જ. આ કેવો દેશ છે જ્યાં ગામડાંમાં રહેતા જનસાધારણને પણ એમ જ લાગે છે કે હિન્દી કે પંજાબી સાહિત્ય જેવા વિષયો પર પીએચ.ડી. કરવાનો આ જમાનામાં કોઈ મતલબ જ નથી. અંગ્રેજીમાં કરતી હોય તો સમાજમાં ઈજ્જત વધે. બધાને મન બસ, ઈંગ્લિશનું જ મહત્ત્વ છે. અહીં હું છું કે લાયબ્રેરી આખી પચાવીને બેઠી છું, પણ મને જોવા આવતા મુરતિયા હિન્દી શબ્દ સાંભળીને જ ભડકે છે.

**મને સપનાં ગુજરાતીમાં આવે છે એટલે અંગ્રેજીમાં કે હિન્દીમાં લખી શકું એટલી આવડત કેળવ્યા પછી પણ હું ગુજરાતીમાં જ લખતો રહ્યો છું, આખરે એ માતૃભાષા છે**

ઓડિયન્સને હસવું આવ્યું, પણ હું વિષાદમાં સરી પડ્યો. છોકરીએ એના પેટમાં અમળાઈ રહેલી સમસ્યા વહેતી મૂકી હતી.

એણે અદલ પેલા બચ્ચનની કવિતાના નાયકની જેમ તોફાને ચડેલો દરિયો ડહોળવાનો સંકલ્પ કર્યો હતો. પણ શું દરિયાદેવ તોફાને ચડ્યો હોય કે આકાશમાં ધૂળના ગોટેગોટા વળી રહ્યા હોય તો માંઝી નાવડી કિનારે લાંગરી દેશે? એના માટે તો આ આજીવિકા છે. પાછો વળી ખાલી હાથે ઘેર જાય તો પરિવારને કેવું લાગે!.....એના સવાલના જવાબમાં એના સાહેબોએ હિન્દી વિષય લેનાર વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ યોજના અને વિવિધ સરકારી વિભાગોની નોકરીઓ જેવી મુદ્દાની માહિતી આપી. મેં બચ્ચનના કાવ્યનાયકની મૂંઝવણવાળી કવિતાની યાદ આવી એટલી કડીઓ ખુમારીપૂર્વક ગાઈ સંભળાવી. પછી એની પીઠ થાબડીને કહ્યું: તેં ઘણી સમયસર છેડી છે આ ચર્ચા. આજે હિન્દી આખી દુનિયામાં પથરાઈ ગઈ છે અને છતાં એનું અંગ્રેજી કે મેન્ડેરિન જેટલું મહત્ત્વ નથી, કારણ કે આપણે યુરોપ, અમેરિકા, કેનેડા કે ઓસ્ટ્રેલિયાની કોઈ અજાણી શેરીમાં ગેરકાયદેસર ઘૂસી જઈ અજાણ્યા રહી ડોલર કમાઈ લેવાનો મનસૂબો ધરાવતી પ્રજા બની ગયા છીએ. આપણે અંગ્રેજી જેવી આવડે એવી ભાંગીતૂટી બોલવામાં પણ ગૌરવ અનુભવીએ છીએ અને આપણી પાસે જે ભાષાવૈભવનો અઢળક ખજાનો છે એને ભોંયમાં ભંડારીને કે કચરાપેટીમાં પધરાવીને ‘કાળા અંગ્રેજ’માં કન્વર્ટ થઈ જવાની હોડમાં સામેલ થઈ જઈએ છીએ. ઈઝરાયેલની જેમ વિસરાઈ ગયેલી લિપિ સહિત માતૃભાષા હિબ્રુને રાતોરાત રાષ્ટ્રભાષા બનાવી દેવાની ઝનૂની ચાનક ચડાવી શકે કે મુસ્તફા કમાલ પાશાની જેમ એક ઝાટકે દેશને પોતાની રીતે અરબીના પ્રભાવથી મુક્ત થઈ પોતાની ભાષામાં જ વ્યવહાર કરવાનો આદેશ કરી શકે એવી નેતાગીરી આપણે ખીલવી શક્યાં નથી. પરંતુ હજી ક્યાં એટલું બધું મોડું થઈ ગયું છે? આપણી ભાષાએ તો હાથણીની જેમ એની પોતાની ગત પકડી લીધી છે. એની પાછળ પોતાનાં જ કુટુંબીજનો જેવાં કૂતરાં ભસતાં રહે કે હસતાં રહે એની પરવા નથી. એ વિદ્વાનો કે આગેવાનોની આંગળી પકડીને એનું વર્ચસ્વ સ્થાપિત કરવા નથી માંગતી. એને પોતાના કૌવત પર ભરોસો હતો, છે અને રહેશે. ધારીએ તો નારાયણ દેસાઈની અપેક્ષા મુજબ આપણી ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવી શકીએ એમ છીએ. હિન્દી તો એની સરખામણીમાં ઘણી મોટી ભાષા છે અને જગતના ખૂણે ખૂણે એક યા બીજા સ્વરૂપે વિદ્યમાન છે. એનો મહિમા કરવાની પહેલ સંતો અને સિનેજગતની જાજરમાન હસ્તીઓ ઉપરાંત લોકનેતા અટલબિહારી વાજપેયીએ યુનાઈટેડ નેશન્સની સભામાં હિન્દીમાં ભાષણ આપીને કરી હતી. મેં પેલી વિદુષી કન્યાને એમનો હવાલો આપીને કહ્યું: બહેના, જો એવડા મોટા આંતરરાષ્ટ્રીય કક્ષાના નેતાને પોતાની ભાષામાં વિદેશી મહાનુભાવો સામે બોલવામાં શરમ ના આવતી હોય તો આપણે શું કામ એવી શરમ અનુભવવી જોઈએ?

અમારા મોરારિબાપુનું નામ તો તેં સાંભળ્યું જ હશે. ભગવાન રામ તો અયોધ્યાથી લંકા સુધી જ ગયા હતા, પણ મોરારિ બાપુએ તુલસીદાસજીની પોથી દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડી દીધી અને એ પણ વિદ્વદભોગ્ય વિશુદ્ધ હિન્દીમાં નહીં, બલકે ગાંધીજી જેને રાષ્ટ્રભાષા સ્વરૂપે વિકસાવવાની આજીવન હિમાયત કરતા રહ્યા એ ‘હિન્દુસ્તાની’ ભાષામાં, જેમાં ઢગલાબંધ ઉર્દૂ શબ્દો ઉપરાંત ગુજરાતી શબ્દો અને કાઠિયાવાડી લોકબોલીના શબ્દો અને ફિલ્મી ગીતો સુધ્ધાં સામેલ હોય છે. છેક ધ્રુવ પ્રદેશ સુધી બાપુના ખભે બેસીને હનુમાનજી અને રામસીતાએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી છે. હિન્દી કોઈ સાધારણ ભાષા નથી. એ સંસ્કૃતિ અને સંસ્કૃતનો ભવ્ય વારસો ધરાવે છે. એ અંગ્રેજી કરતાં કોઈ પણ માપદંડથી ઊતરતી ભાષા નથી. ખાટલે મોટી ખોડ એ છે કે આપણે જ ખોટી લઘુતાગ્રંથિથી પીડાઈ રહ્યાં છીએ!

## બ્રેસ્ટ કેન્સર

# ઓકટોબર યાદ અપાવે, જાગૃતિ આખું વર્ષ રહેવી જોઈએ



કેન્સરથી મોટી જિંદગી
ડો. કૌશલ પટેલ

ઓકટોબર આવે એટલે ગુલાબી રંગ છવાઇ જાય છે. બ્રેસ્ટ કેન્સર વિશે ચર્ચાઓ શરૂ થાય છે. જાગૃતિના કાર્યક્રમો યોજાય છે. સોશિયલ મીડિયા પર સંદેશાઓ જોવા મળે છે પરંતુ એક સવાલ આપણે આ ઓકટોબરે આપણી જાતને પૂછવો જોઇએ - શું બ્રેસ્ટ એટલે કે સ્તન કેન્સર વિશેની આપણી જાગૃતિ માત્ર ઓકટોબર મહિના પૂરતી જ હોવી જોઈએ?

ઓકટોબર એ બ્રેસ્ટ (સ્તન) કેન્સર જાગૃતિ મહિનો છે. તેથી આ મહિનો આપણને સ્તન કેન્સર વિશે વાત કરવાની, લોકોને જાગૃત કરવાની અને વહેલી તપાસનું મહત્ત્વ સમજાવવાની તક આપે છે પરંતુ કેન્સર કોઇ કેલેન્ડર જોઇને આવતું નથી. ઓકટોબર પૂરો થયા પછી બ્રેસ્ટ કેન્સર થવાનું બંધ થતું નથી એટલે જ બ્રેસ્ટ કેન્સર અંગેની જાગૃતિ એક મહિના પૂરતી નહીં પરંતુ આપણા રોજિંદા જીવનનો એક ભાગ બનવી જોઈએ.

આપણે પોતાના શરીરમાં થતાં ફેરફારો પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. સ્તનમાં નવી ગાંઠ અનુભવાય, સ્તનના કદ કે આકારમાં અસામાન્ય ફેરફાર જોવા મળે, ચામડીમાં ખાડો પડતો દેખાય, નિપલમાં ફેરફાર થાય અથવા અસામાન્ય સ્ત્રાવ જોવા મળે તો તેને અવગણવું જોઇએ નહીં. દરેક ગાંઠ કે ફેરફાર કેન્સર જ હોય એવું નથી પરંતુ તેનું કારણ જાણવા માટે યોગ્ય તબીબી તપાસ જરૂરી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આવા ફેરફારને ‘થોડા દિવસમાં આપોઆપ સારું થઇ જશે’ કહીને ટાળવો નહીં.

આ જ જગ્યાએ સમાજ તરીકે આપણી ભૂમિકા પણ શરૂ થાય છે. કોઈ ઓળખીતી વ્યકિત કહે કે “મારા સ્તનમાં કંઈક ગાંઠ જેવું લાગે છે”, તો આપણો જવાબ “કંઈ નહીં હોય, ચિંતા ન કર’’ એવો ન હોવો જોઇએ. તેના બદલે આપણે એટલું કહી શકીએ કે, ‘‘એક વાર ડોક્ટરને બતાવી આવો.” આ એક નાનું વાકય કદાચ કોઇ વ્યકિતના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે.

**બ્રેસ્ટ કેન્સર સામેની લડતમાં વહેલી તપાસનું મહત્ત્વ અત્યંત મોટું છે. મોડા તબક્કે નિદાન થાય ત્યારે સારવાર વધુ જટિલ બની શકે છે અને દર્દી તથા પરિવાર પર શારીરિક, માનસિક અને આર્થિક બોજ પણ વધી શકે છે એટલે ‘સમયસર તપાસ’ માત્ર એક મેડિકલ પ્રક્રિયા નથી, તે દર્દીના આખા ભવિષ્યને અસર કરી શકે તેવી બાબત છે**

બ્રેસ્ટ કેન્સર સામેની લડતમાં વહેલી તપાસનું મહત્ત્વ અત્યંત મોટું છે. કેન્સર શરૂઆતના તબકકામાં મળી આવે ત્યારે સારવારના વિકલ્પો વધુ અસરકારક રીતે ઉપયોગમાં લઇ શકાય છે અને ઘણા દર્દીઓમાં સારવારનો હેતુ સંપૂર્ણપણે સાજા થવાનો હોઇ શકે છે. મોડા તબકકે નિદાન થાય ત્યારે સારવાર વધુ જટિલ બની શકે છે અને દર્દી તથા પરિવાર પર શારીરિક, માનસિક અને આર્થિક બોજ પણ વધી શકે છે. એટલે ‘સમયસર તપાસ’ માત્ર એક મેડિકલ પ્રક્રિયા નથી, તે દર્દીના આખા ભવિષ્યને અસર કરી શકે તેવી બાબત છે.

અહીં સ્ક્રીનીંગની ભૂમિકા પણ સમજવી જરૂરી છે. દરેક મહિલાને એકસરખી ઉંમરે કે એકસરખી રીતે સ્ક્રીનીંગની જરૂરિયાત હોય એવું નથી. ઉંમર, પરિવારનો ઇતિહાસ, વ્યકિતગત જોખમ અને અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને યોગ્ય સ્ક્રીનીંગ પદ્ધતિ નકકી કરવામાં આવે છે. મેમોગ્રાફી જેવી તપાસો યોગ્ય મહિલાઓમાં સ્ક્રીનીંગ માટે મહત્ત્વપૂર્ણ સાધન છે. બીજી તરફ, જો કોઇ મહિલાને પહેલેથી જ ગાંઠ કે અન્ય અસામાન્ય લક્ષણ જણાયું હોય, તો તે માત્ર આગામી સ્ક્રીનીંગની રાહ જોવાનો વિષય નથી - તેની સમયસર તબીબી તપાસ જરૂરી છે.

આપણે ભારતમાં વહેલી તપાસ અંગેની જાગૃતિ વધુ મજબૂત કરવાની જરૂર છે. માત્ર મોટાં શહેરોમાં નહીં, પરંતુ નાનાં શહેરો, ગામડાં અને સમાજના દરેક વર્ગ સુધી આ સંદેશ પહોંચવો જોઇએ. મહિલાઓ માટે નિયમિત હેલ્થ ચેક-અપ, યોગ્ય સ્ક્રીનીંગ અંગે માર્ગદર્શન, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી લઇને વિશેષજ્ઞ સુધી સરળ પહોંચ અને પરિવારના સભ્યોમાં જાગૃતિ - આ બધું મળીને વહેલી તપાસની સંસ્કૃતિ ઊભી કરી શકે છે.

પરંતુ બ્રેસ્ટ કેન્સર અંગેની જાગૃતિનો અર્થ માત્ર ‘કેન્સર શોધવું’ નથી. કેન્સરનું નિદાન થયા પછી પણ દર્દીને જાગૃતિ, માહિતી અને સહયોગની એટલી જ જરૂર હોય છે.

જયારે કોઇ મહિલાને કહેવામાં આવે કે તેને બ્રેસ્ટ કેન્સર છે, ત્યારે માત્ર એક દર્દીનું જીવન બદલાતું નથી. તેની સાથે આખો પરિવાર એક નવી પરિસ્થિતિમાં પ્રવેશ કરે છે. સર્જરી થશે કે નહીં? કીમોથેરાપી લાગશે? રેડિએશનની જરૂર પડશે? વાળ ખરી જશે? કામનું શું થશે? પરિવારનું શું થશે? ખર્ચ કેવી રીતે થશે? સારવાર કેટલી લાંબી ચાલશે? આવા અસંખ્ય સવાલો દર્દીના મનમાં ઊભા થાય છે.

આ સમયે પરિવારની ભૂમિકા ખૂબ મહત્ત્વપૂર્ણ બને છે.

દર્દીને માત્ર ‘હિંમત રાખો’ કહેવું પૂરતું નથી. તેની સાથે ડોકટરની મુલાકાતે જવું, સારવારને સમજવામાં મદદ કરવી, જરૂરી તપાસો સમયસર કરાવવામાં સહાય કરવી, હોસ્પિટલ સુધી પહોંચાડવી, દવાઓ અને સારવારની વ્યવસ્થા કરવી અને સૌથી મહત્ત્વનું - દર્દીને એકલી નથી એવી લાગણી કરાવવી - આ બધું કેન્સરની સારવારની યાત્રાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

આ સાથે આર્થિક મદદ વિશે પણ યોગ્ય માહિતી આપવી જરૂરી છે. દરેક પરિવાર માટે કેન્સરની સારવારનો ખર્ચ સરળ હોય એવું નથી. યોગ્ય દર્દીઓને સરકારી આરોગ્ય યોજનાઓ, વીમા, ચેરીટેબલ સંસ્થાઓ, NGO તથા અન્ય ઉપલબ્ધ સહાય વિશે માર્ગદર્શન મળી શકે છે. ઘણી વખત દર્દી કે પરિવારને મદદ કયાંથી મળી શકે તેની જાણકારી જ હોતી નથી. તેથી ‘પૈસા નથી એટલે સારવાર નહીં થાય’ એવી નિરાશા ઊભી થાય તે પહેલાં ઉપલબ્ધ વિકલ્પો વિશે પૂછવું અને યોગ્ય માર્ગદર્શન મેળવવું જરૂરી છે પરંતુ દર્દીને મદદ કરવાની ઉતાવળમાં આપણે તેને ગૂંચવણમાં ન નાંખીએ એ પણ એટલું જ મહત્ત્વનું છે.

ડિસક્લેમરઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઇએ નહીં. વ્યકિતગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને કવોલિફાઇડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

**(વધુ આવતા અંકે)**

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

પાર્કના સમયમાં કોઈ ફેરફાર થયો નથી એવી સ્પષ્ટતા પણ કરી. લાઇટ અને પોલીસનું પેટ્રોલિંગ જરૂરી છે. સ્ત્રીઓને સલામત જાહેર જગ્યાઓ મળે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી તંત્રની છે. છતાં સાવચેતીનો પરિચિત બોજ તો રહે જ છે: અજવાળામાં રહો, સૂમસામ જગ્યાએ ન જાઓ, વહેલાં ઘરે આવો. ઘરે પાછાં આવવાનો નક્કી કરેલો સમય, દુપટ્ટો લીધેલો છે કે નહીં તે સવાલ, ક્યાં છે એ જાણવા કરાતો ફોન.

દીકરીને સાવચેતીના પાઠ ભણાવતાં આપણને આવડે છે. દીકરાને સંમતિનો અર્થ સમજાવવાની ટેવ ઘણી ઓછી છે.

યુવાનોની હિંસા સમજાવવા બેરોજગારી, હતાશા, નવરાશ અને સોશ્યલ મીડિયાનાં કારણો ઘણીવાર અપાય છે. આમાંની કેટલીક બાબતોનો ફાળો હોઈ શકે. પણ ભારતમાં લાખો બેરોજગાર યુવાનો છે જેમણે ક્યારેય કોઈ બાળકીને પકડવા સ્કૂટર રોક્યું નથી. હતાશાથી ગુસ્સો કેમ આવે એ સમજાય. બીજાના શરીર અને જીવન પર પોતાનો અધિકાર છે એવું કેમ લાગે એ માત્ર હતાશાથી સમજાતું નથી.

જમુઈના વીડિયોમાં દેખાતા લોકો એવી રીતે વર્તે છે જાણે રસ્તા પર દેખરેખ રાખવાનો અને ત્યાંથી પસાર થતી છોકરી વિશે ચુકાદો આપવાનો અધિકાર તેમનો હોય. કેમેરા ચાલુ છે. તેઓ છુપાતા નથી. પોતે શું કરી શકે છે એ બતાવે છે. આ અધિકારભાવની શરૂઆત હાઇવે પર જ થતી હોય એવું જરૂરી નથી. જમવાના ટેબલ પર પણ તેની તાલીમ મળી શકે. જ્યાં બહેનનો ફોન તપાસાય અને ભાઈનો ક્યારેય નહીં. જ્યાં દીકરીને અંધારું થાય એ પહેલાં ઘરે આવવાનું કહેવાય, પણ દીકરાને ક્યારેય ન પૂછાય કે તે જે સ્ત્રીઓને મળે છે તેમની સાથે કેવું વર્તન કરે છે. બંને કેસમાં પોલીસે એક આરોપીના પગમાં ગોળી મારી અને કહ્યું કે તેણે પોલીસ પર ગોળીબાર કર્યો હતો. આ વિગતોની તપાસ જરૂરી છે. તાળીઓથી તેમનો નિકાલ ન થઈ શકે. આરોપીઓ સામે કેસ ચાલવો જોઈએ અને દોષિત ઠરે તો કાયદા પ્રમાણે સજા થવી જોઈએ. પણ ગોળી એ ન્યાયિક કાર્યવાહી નથી અને એનાથી કોઈ પાઠ પણ શીખવાતો નથી. એક સમાચારચક્ર પૂરતું શહેરનો રોષ ઠંડો પડી શકે. પણ જમવાના ટેબલ પર દીકરા સાથે થવી જોઈએ એવી વાતચીતનું કામ ગોળી ન કરી શકે. એ વાતચીતમાં તેને સમજાવવાનું છે કે સ્ત્રીને સ્વતંત્રતા આપવાનો અધિકાર તેનો નથી.

અનુસંધાન પાના ત્રણનું

## અબીલ ગુલાલ

યમન હોય કે યુક્રેઇન કે કોરોના સંકટ, દર વખતે વિદેશમાં રહેતા ભારતીયોને, ભારતને નિષ્ઠાવાન થઈને ‘સ્વર્ગ યહીં, નર્ક યહાં’ માનીને અહીં મહેનતથી કમાતા લોકોના કરના અબજો રૂપિયા પર સરકાર વિમાન મોકલીને લાવે છે. જ્યારે તમે વિદેશ જાવ છો ત્યારે તો અહીંના લોકોને બહુ સંભળાવતા હો છો અને ત્યાંથી પણ ફોન કે વિડિયો કોલમાં વિદેશમાં કેટલું સારું છે તેના વખાણ કરતા ધરાતા નથી. જ્યારે સંકટ આવે ત્યારે ભારત સ્મરે છે!

સ્મિત મચ્છરવાળી ઘટનામાં આપણને ખબર નથી કે તેઓ શાકાહારી છે કે નહીં. પરંતુ શાકાહારી વ્યક્તિ કંઈ ન કરી શકે તે માન્યતા ખોટી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વડા પ્રધાન, ગૃહ પ્રધાન, ઉદ્યોગપતિઓ ગુજરાતી હોવાના કારણે કેટલાક લોકોમાં ગુજરાતવિરોધી માનસિકતા ઘર કરી ગઈ છે. આમ તો આ માનસિકતા ૨૦૦૨નાં રમખાણો સમયથી ઘર કરી ગઈ હતી. પરંતુ ૨૦૧૪ પછી વિશેષ. અને દર ચૂંટણીએ એ માનસિકતા વધુ દૃઢ બની. સ્મિત મચ્છરથી એ માનસિકતા વધુ દૃઢ બનશે, પરંતુ તેમાં ગુજરાતીઓ નિરુપાય છે. ગુજરાતી ગુજરાતી અસ્મિતા સાચવીને વૈશ્વિક નાગરિક બની શકે છે, જ્યાં જાય ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી શકે છે.

પોતાની સારી સંસ્કૃતિ ફેલાવવા માટે તેને ચાકુ કાઢવું નથી પડતું. કે રસ્તા રોકીને પ્રાર્થના કરવા બેસવું નથી પડતું. લોકો આપોઆપ તેમના વ્યવહાર અને તેમની (આપણી-ગુજરાતીઓની) રંગબેરંગી સંસ્કૃતિથી આકર્ષાય છે. કોઈ પણ પ્રવાસ સ્થળે ગુજરાતી જાય તો તેની પાસેથી વધુ બક્ષિસ મળવાની સ્થાનિક શ્રમિકો કે વેપારીઓને સદા આશા હોય છે, જે ક્યારેય ફોગટ નથી જતી.

ઇઝરાયેલ કેમ ઇઝરાયેલ છે તેનું ઉદાહરણ અનેક વાર તે પ્રસ્તુત કરતું રહે છે. છ શત્રુ દેશો વચ્ચે ટકી રહેવું, અપરાધી શત્રુને વિદેશમાં ગોતીને પણ ઠાર મારવો, ટેક્નોલોજી અને વેપારમાં સતત અપડેશન, આ બધા ઉપરાંત તાજેતરની ઘટનામાં તેમનું કૃતજ્ઞતાનું પાસું પણ દેખાયું. તેમનો ભાષાપ્રેમ પણ દેખાયો. સ્મિત મચ્છર અને ભારતનો આભાર માનતા યહૂદીઓની પોસ્ટથી સોશિયલ મીડિયા ભરાઈ ગયું. કોઈ જો અને તો વગર આભાર માન્યો. સાથે જ મચ્છરનો સાચો સ્પેલિંગ Machchhar થાય. તે પણ યહૂદીઓ કરતા હતા. એટલું જ નહીં, સારા પેરી નામની યહૂદી મહિલા દર હોળીએ શુભેચ્છા આપે છે, તે પણ ટાઇમલાઇન ફંફોસતા દેખાયું. અને હોળી પર શુભેચ્છા આપતી વખતે કૃતિ સેનનની જેમ બ્રાલેટ અથવા અંગપ્રદર્શક કપડાં (જે સારા અન્યથા પહેરતી હોય છે) નહીં, પણ સાડીમાં અને ચાંદલા સાથે. કૃતિની જેમ ચાંદલા વગર નહીં.

એટલે જ જય ગુજરાત, જય ભારત, જય ઇઝરાયેલ.